# <u>રાષ્ટ્રીય સેમિનાર</u>

## દિનચર્યા રૂપરેખા, તજજ્ઞોની વક્તવ્યો

## અને ચર્ચાઓનો વિસ્તૃત અહેવાલ

## શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર

**સંચાલિત**

## હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

**સંલગ્ન**

## માતૃશ્રી એસ. એસ. ગોવિંદા બી.એડ્. અને

## શ્રીમતી આર. કે. ડી. ખણુશિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

## <u>૨૭ ડિસેમ્બર ૨૦૨૫ (શનિવાર)</u>

**ભાવિ વર્ગખંડો માટે ભારતીય જ્ઞાન પ્રણાલી (IKS) અને**
**આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નું સંયોજન**

**Blending Indian Knowledge Systems with Artificial Intelligence for Future Classrooms**

### ❖ પ્રસ્તાવના, રજિસ્ટ્રેશન અને દીપ પ્રાગટ્ય

શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત માતૃશ્રી એસ. એસ. ગોવિંદા બી.એડ. અને શ્રીમતી આર. કે. ડી. ખણુશિયા એમ.એડ. કોલેજ દ્વારા ૨૭ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ***"ભાવિ વર્ગખંડો માટે ભારતીય જ્ઞાન પ્રણાલી (IKS) અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નું સંયોજન"*** વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત સવારે ૦૮:૩૦ વાગ્યે સહભાગીઓના સ્પોટ રજીસ્ટ્રેશન અને પ્રભાતી અલ્પાહાર સાથે થઈ હતી. સવારે ૧૦:૦૦ વાગ્યે ઉદ્‌ઘાટન સત્રમાં સંસ્થાનના ટ્રસ્ટીઓ, કુલપતિશ્રી અને અધ્યાપકો દ્વારા દીપ પ્રાગટ્ય કરી સેમિનારનો શુભારંભ કરાયો હતો. સેમિનાર ડાયરેક્ટર ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ (હેડ એન્ડ પ્રોફેસર, એમ.એડ. કોલેજ) દ્વારા સ્વાગત પ્રવચન રજૂ કરી સેમિનારની ભૂમિકા બાંધવામાં આવી હતી તથા સેમિનાર કન્વીનર ડૉ. છાયાબેન એમ. ત્રિવેદી (આચાર્યા, બી.એડ. કોલેજ) દ્વારા સંસ્થાના શૈક્ષણિક પ્રદાન વિશે માહિતી આપવામાં આવી હતી.

### ❖ ઉદ્‌ઘાટન સત્ર અને કી-નોટ વક્તવ્યો

સવારે ૧૦:૦૦ થી ૧૧:૩૦ દરમિયાન યોજાયેલા ઉદ્‌ઘાટન સત્રમાં મુખ્ય અતિથિ તરીકે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલપતિ પ્રો. ડૉ. કે. સી. પોરિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે તેમના બીજરૂપ વક્તવ્ય (Keynote Address) માં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ (NEP 2020) ના અનુસંધાને આધુનિક વર્ગખંડોમાં પ્રાચીન ભારતીય મૂલ્યો અને AI ની ઉપયોગિતા પર ભાર મૂક્યો હતો. શિક્ષણ વિદ્યાશાખાના ડીન અને બી.ડી. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન (મોડાસા) ના આચાર્ય ડૉ. બી. ડી. પટેલે "IKS અને AI નું દાર્શનિક સંગમ અને શિક્ષણમાં નૈતિક મૂલ્યો" વિષય પર પોતાનું વક્તવ્ય આપી અલ્ગોરિધમમાં માનવ સંવેદના અને સનાતન નૈતિકતા સાંકળવાની જરૂરિયાત સ્પષ્ટ કરી હતી.

## ❖ પરંપરાગત શિક્ષણનું પુનરુત્થાન અને હસ્તપ્રત સંશોધન

મુખ્ય વક્તા શ્રી આશિષકુમાર જનકરાય દવે એ IKS સંદર્ભે ખુબ જ ઉંડાણપૂર્વક સમજણ આપી હતી એને આ માટે તેઓએ ભારતીય સંસ્કૃતિઓના મૂળ સ્વરૂપને સંદર્ભ બનાવેલ હતો. "ગુરુકુળ શિક્ષણ પદ્ધતિ, VR ગેમિફિકેશન અને હસ્તપ્રત જતન" વિષય પર વિસ્તૃત વક્તવ્ય આપ્યું હતું. તેમણે દર્શાવ્યું હતું કે પ્રાચીન ગુરુકુળની વ્યક્તિગત શિક્ષણ શૈલી (Personalized Mentorship) ને આજનું AI એડપ્ટિવ લર્નિંગ દ્વારા પૂર્ણ કરી શકે છે. આ સત્ર દરમિયાન રજૂ થયેલા સંશોધન પત્રોમાં તાડપત્ર અને ભોજપત્રની હસ્તપ્રતોને ઓપ્ટિકલ કેરેક્ટર રિકગ્નિશન (OCR) ના માધ્યમથી ડીકોડ કરવાના પ્રયોગો રજૂ કરાયા હતા. આ ઉપરાંત પંચતંત્રની વાર્તાઓ અને સંસ્કૃતિને વર્ચ્યુઅલ રિયાલિટી (VR) દ્વારા વર્ગખંડમાં રસપ્રદ રીતે રજૂ કરવાનો રોડમેપ તૈયાર કરાયો હતો. આ સત્રમાં સંશોધન સમિતિના સભ્યો શ્રી જયંતિભાઈ પટેલ, ડૉ. જ્યોત્સનાબેન બારડ અને શ્રી દિનેશભાઈ બલોલિયાએ પેપર સ્ક્રીનિંગ કામગીરી સંભાળી હતી.

બીજા સત્રમાં ડો. જયેન્દ્ર અમીન દ્વારા AI ના સંદર્ભમાં ખુબજ ઉંડાણપૂર્વક સમજણ આપી હતી. આ સંદર્ભે તેમના દ્વારા શિક્ષક-પ્રશિક્ષણ વિદ્યાર્થીઓને વર્ગખંડમાં કેવી રીતે ઉપયોગ કરવો અને વિદ્યાર્થીઓને આ બાબતે જાગૃત કરવા બાબતે મહત્વપૂર્ણ સમજણ આપી હતી.

## ❖ સમાપન સત્ર, પ્રમાણપત્ર વિતરણ અને નિષ્કર્ષો

સાંજે ૦૪:૦૦ થી ૦૫:૧૫ દરમિયાન સમાપન સત્ર (Valedictory Session) નું આયોજન થયું હતું. આ સત્રમાં શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળના પ્રમુખ શ્રી ઈશ્વરભાઈ કરણાવતની વિશેષ ઉપસ્થિતિ આપી સંશોધકોને પ્રોત્સાહિત કર્યા હતા. સમાપન સત્રમાં સેમિનાર ઓર્ગેનાઈઝર શ્રી ચેતનકુમાર રાવલ, કો-કન્વીનર શ્રી પિયુષકુમાર પંચોલી તથા ડૉ. ટીનાબેન પટેલે સમગ્ર દિવસનો અહેવાલ રજૂ કર્યો હતો. સેમિનારમાં રજૂ થયેલા ઉત્કૃષ્ટ સંશોધન પત્રોને આંતરરાષ્ટ્રીય ઈ-જર્નલ (ISSN) માં પ્રકાશિત કરવાની જાહેરાત કરવામાં આવી હતી. અંતમાં તમામ સહભાગીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા અને સેમિનારનું સફળતાપૂર્વક સમાપન કરવામાં આવ્યું હતું.







**એક દિવસીય રાષ્ટ્રીય કક્ષાના સેમિનારનુ આયોજન કરાયુ**

જનસેતુ,પાલનપુર,તા.૨૮ : શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ પાલનપુર સંચાલિત માતુશ્રી એસ.એસ. ગોવિંદા બી. એડ્. કોલેજ, શ્રીમતી આર.કે.ડી. [illegible] એમ. એડ્. કોલેજ, પાલનપુર અને માતુશ્રી એ. જી. મેડતા પીટીસી કોલેજ, પાલનપુરના સંયુક્ત ઉપક્રમે તારીખ ૨૭ ડિસેમ્બર ૨૦૨૦ ને શનિવારના રોજ **Blending Indian Knowledge System with Artificial Intelligence fro Future Classrooms** વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય કક્ષાના સેમિનારનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં સંસ્થાના પ્રમુખ, મંત્રી, ઉપપ્રમુખ, સહમંત્રી અને ખજાનચી તથા મુખ્ય મહેમાન હેમ. ઉ. ગુ. યુનિવર્સિટી, પાટણના કુલસચિવ ડો. કે.સી. પોરીયા, વિષય નિષ્ણાત ડૉ.આશિષ દવે, ડૉ. જયેન્દ્ર અમીન, શિક્ષણશાસ્ત્રના ડીન ડૉ. બી. ડી. પટેલ અને અન્ય કોલેજના આચાર્યો રહ્યા હતા. બંને કોલેજના આચાર્યશ્રીઓ અને સ્ટાફ મળીને આ કાર્યક્રમને સફળ બનાવેલ હતો